# પ્રોસ્ટેટેક્ટોમિ

## તમારે શું જાણવું જોઇએ



### પ્રોસ્ટેટ કૅન્સર એટલે શું?

પ્રોસ્ટેટ એ પુરુષોના પેલ્વિસમાં અખરોટના આકારની નાની ગ્રંથિ હોય છે. તે મૂત્રાશયની બાજુમાં હોય છે. પ્રોસ્ટેટ કૅન્સર એ કૅન્સરનું એક સ્વરૂપ છે જે પ્રોસ્ટેટ ગ્રંથિમાં વિકાસ પામે છે. તે યુ.એસ.માં પુરુષો માટે કૅન્સરથી મૃત્યુનું બીજું સૌથી મોટું કારણ છે.

### પ્રોસ્ટેટ કૅન્સર માટેની સારવાર

પ્રોસ્ટેટ કૅન્સર માટેની સારવારના ઘણા વિકલ્પો છે. આમાં "સાવચેતીપૂર્વકની પ્રતીક્ષા", શસ્ત્રક્રિયા, રેડિયેશન, હોર્મોન્સ, કીમોથેરાપી, લક્ષિત ઉપચાર અને ઇમ્યુનોથેરાપી સામેલ હોઈ શકે છે.

પ્રોસ્ટેટ કૅન્સરની સારવાર અનુસાર આડઅસરો અલગ અલગ હોય છે. વધુમાં, તે પ્રોસ્ટેટ કૅન્સરની સંભાળ અને આડઅસરોની વાત આવે ત્યારે, ગે અને બાયસેક્સ્યુઅલ પુરૂષો, તેમજ જેમણે પુખ્ત સ્ત્રીની લિંગ-પુષ્ટિની શસ્ત્રક્રિયા (GAS) કરાવી હોય તેવા કિસ્સાઓ માટે અન્ય મુદ્દાઓ પણ વિચારણામાં લેવાની જરૂર પડી શકે છે. સારવાર શિશ્નોત્થાન, વીર્યસ્ખલન અને ગુદામાર્ગના કાર્યને અસર કરી શકે છે, જે સરવાળે પ્રોસ્ટેટ ધરાવતા લોકો માટે સમાગમ પર અસર કરી શકે છે. તમારા લૈંગિક અભિગમ અથવા લિંગ ઓળખ વિશે તમારા ડૉક્ટર સાથે વાત કરવાથી તમને શ્રેષ્ઠ સારવાર મેળવવામાં મદદ મળશે.

### પ્રોસ્ટેટેક્ટોમિ શું છે?

પ્રોસ્ટેટને દૂર કરવાની શસ્ત્રક્રિયાને સંપૂર્ણ પ્રોસ્ટેટેક્ટોમિ કહેવામાં આવે છે. જો પ્રોસ્ટેટ કૅન્સર પ્રોસ્ટેટની બહાર ફેલાતું ન હોય તો શસ્ત્રક્રિયા મોટેભાગે સારો વિકલ્પ છે. શસ્ત્રક્રિયા દરમિયાન, પ્રોસ્ટેટ ગ્રંથિ, સેમિનલ વેસિકલ્સ અને ગ્રંથિની આસપાસના કેટલાક ટિશ્યૂ દૂર કરવામાં આવે છે. સેમિનલ વેસિકલ્સ એ બે કોથળીઓ છે જે વાસ ડેફરન્સ (અંડકોશમાંથી પસાર થતી નળી) સાથે જોડાય છે અને વીર્ય સ્ત્રાવ કરે છે.

### શસ્ત્રક્રિયાના ફાયદા અને જોખમો શું છે?

સંપૂર્ણ પ્રોસ્ટેટેક્ટોમિનો મુખ્ય ફાયદો એ છે કે કૅન્સર ધરાવતું પ્રોસ્ટેટ દૂર થાય છે. કૅન્સર પ્રોસ્ટેટની બહાર ફેલાયું ન હોવાથી આ એક મોટો ફાયદો છે. તમને વધુ સારવારની જરૂર છે કે કેમ તે જાણવામાં પણ શસ્ત્રક્રિયા ડૉક્ટરને મદદ કરે છે.

શસ્ત્રક્રિયા હંમેશા જોખમો સાથે આવે છે. શસ્ત્રક્રિયાથી કેટલીક સમસ્યાઓ વહેલી અને કેટલીક પાછળથી થઈ શકે છે. કોઈપણ મોટી શસ્ત્રક્રિયા સાથે રક્તસ્રાવ અથવા ચેપ થઈ શકે છે. તમારી આરોગ્ય સંભાળ ટીમ તમને આ સમસ્યાઓ ટાળવા અથવા કાળજી રાખવામાં મદદ કરશે.

### પ્રોસ્ટેટ કૅન્સર શસ્ત્રક્રિયાની આડઅસરો શું છે?

પ્રોસ્ટેટ કૅન્સર શસ્ત્રક્રિયાની બે મુખ્ય આડઅસર છે: શિશ્નોત્થાન અપક્રિયા (ED) અને પેશાબનું ઇનકૉન્ટિનન્સ (પેશાબ પર નિયંત્રણ ગુમાવવું). મોટાભાગના પુરૂષો સમય જતાં આ સમસ્યાઓમાં મદદ કરતા માર્ગો શોધી કાઢે છે.

ED એ પુરૂષ દ્વારા જાતીય સમાગમ માટે પર્યાપ્ત શિશ્નોત્થાન મેળવવા અથવા ટકાવી રાખવામાં પડતી મુશ્કેલી છે. સારા સમાચાર એ છે કે પુરૂષો પ્રોસ્ટેટ કૅન્સર શસ્ત્રક્રિયા પછી પણ સમાગમ કરી શકે છે. શસ્ત્રક્રિયા દ્વારા સારવાર કરાયેલા પુરૂષોને લગભગ 24મા મહિને ખબર પડશે કે શસ્ત્રક્રિયા પછી તેઓ કેટલું શિશ્નોત્થાન પાછું મેળવી શકાશે.

શિશ્નોત્થાન પાછું મેળવવા માટે સક્ષમ થવું એ તમારી ઉંમર જેવી બાબતો પર (60 વર્ષથી ઓછી ઉંમરના પુરૂષોને વૃદ્ધ પુરુષો કરતાં ઉત્થાન પુનઃપ્રાપ્ત કરવાની વધુ સારી તક હોય છે) અને શસ્ત્રક્રિયા પહેલા તમારું શિશ્નોત્થાન કેટલું સારું હતું તે બાબતો પર આધાર રાખે છે. પ્રોસ્ટેટ કૅન્સર શસ્ત્રક્રિયા પછી શિશ્નોત્થાન અપક્રિયા માટે સંખ્યાબંધ વિકલ્પો ઉપલબ્ધ છે. તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પ વિશે તમારા ડૉક્ટર સાથે વાત કરો.

તે જાણવું ખૂબ જરૂરી છે કે કામેચ્છા મરી પરવારતી નથી પરંતુ આ શસ્ત્રક્રિયાથી તેના પર અસર થઈ શકે છે. જો તમારી સંભાળના ભાગ રૂપે હોર્મોન્સ આપવામાં આવે તો તમારી કામેચ્છામાં બદલાવ આવી શકે છે.



©2023 યુરોલૉજિ કેર ફાઉન્ડેશન. તમામ હકો આરક્ષિત છે.

ProstateCancer-Prostatectomy-Know-FS-2022-Gujarati

# પ્રોસ્ટેટેક્ટોમિ

## તમારે શું જાણવું જોઇએ

પ્રોસ્ટેટ શસ્ત્રક્રિયા પ્રોસ્ટેટ મસાજ અને પ્રોસ્ટેટની ગુદામાર્ગ ઉત્તેજનાનો આનંદ માણતા લોકોને અસર કરી શકે છે. પ્રોસ્ટેટ કૅન્સર શસ્ત્રક્રિયા પછી તમે વીર્યનું સ્ખલન કરી શકતા નથી પરંતુ તમે હજી પણ કોરી જાતીય પરાકાષ્ઠાની અનુભૂતિ કરી શકો છો.

### સારવાર પછી હીલિંગ

શિશ્નોત્થાન અને સ્ખલનમાં બદલાવો સાથે, ગુદામાર્ગની સંવેદનશીલતામાં પણ બદલાવ આવી શકે છે. તમારા પ્રોસ્ટેટને દૂર કરવાથી તે ગુદા મૈથુનને પણ અસર કરી શકે છે.

પ્રોસ્ટેટ કૅન્સર શસ્ત્રક્રિયા પછી, તમને તમારા સેક્સ પાર્ટનર સાથે ઉત્થાન મેળવવામાં સમસ્યાઓ, વીર્ય સ્ખલન કરવામાં સક્ષમ ન હોવું અથવા સેક્સની ઇચ્છાને અસર થવી જેવી શસ્ત્રક્રિયાની આડઅસરો વિશે તે અંગે વાત કરવામાં તકલીફ પડી શકે છે. કેટલાક પુરુષોને તેમની સફર શેર કરવા અને અન્યો તરફથી ટેકો મેળવવા માટે અન્ય સપોર્ટ ગ્રૂપમાં જવાથી મદદ મળી શકે છે

### યુરોલૉજિ કેર ફાઉન્ડેશન વિશે

યુરોલોજિ કેર ફાઉન્ડેશન વિશ્વનું અગ્રેસર યુરોલોજિક ફાઉન્ડેશન છે – અને અમેરિકન યુરોલોજિકલ અસોસિએશનનું સત્તાવાર ફાઉન્ડેશન છે. અમે જેઓ તેઓના યુરોલૉજિક સ્વાસ્થ્યને સક્રિય રીતે સંચાલિત કરે છે અને જેઓ સ્વાસ્થ્યમાં ફેરફારો કરવા તૈયાર છે તેઓને માહિતી પૂરી પાડીએ છીએ. અમારી માહિતી અમેરિકન યુરોલૉજિકલ અસોસિએશન સંસાધનો પર આધારિત છે અને તબીબી નિષ્ણાતો દ્વારા તેની સમીક્ષા કરવામાં આવેલ છે. વિવિધ યુરોલૉજિક સમસ્યાઓ વિશે વધુ જાણવા માટે અમારી વેબસાઈટ **UrologyHealth.org/UrologicConditions** ની મુલાકાત લો અથવા તમારી નજીકના ડૉક્ટરને શોધવા માટે **UrologyHealth.org/FindAUrologist** પર જાઓ.

### દાવોત્યાગ વિધાન

આ માહિતી સ્વ-નિદાનનું સાધન નથી અથવા વ્યવસાયિક તબીબી સલાહનો વિકલ્પ નથી. તે હેતુ માટે તેનો ઉપયોગ અથવા તેના પર આધાર રાખવાનો નથી. મહેરબાની કરીને તમારા યુરોલૉજિસ્ટ અથવા આરોગ્ય કાળજી પ્રદાતા સાથે તમારી આરોગ્ય ચિંતાઓ વિશે વાત કરવી. તમે દવાઓ સહિત કોઈપણ સારવાર શરૂ કરો અથવા બંધ કરો તે પહેલાં હંમેશા આરોગ્ય સંભાળ પ્રદાતાની સલાહ લો. વધુ માહિતી માટે, **UrologyHealth.org/Download** ની મુલાકાત લો અથવા 800-828-7866 પર કૉલ કરો.


©2023 યુરોલૉજિ કેર ફાઉન્ડેશન. તમામ હકો આરક્ષિત છે.